# દે.બારીયા તાલુકાના પીપલોદ ગામ ખાતે ગેરકાયદેસર રીતે થતા બાંધકામ : જવાબદાર તંત્રની ચુપકિદી

- બે માળના બાંધકામ માટે પંચાયતની મંજૂરી છતાંય ત્રણ માળથી ઉપર સુધીનું થતું બાંધકામ.
- નગરનિયોજકના નકશા કેટલા પરમિશનમાં લેવામાં આવ્યા તે તપાસનો વિષય.

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા તાલુકાના પીપલોદ ગામ ખાતે બજાર વિસ્તાર સહીત ગ્રામ્ય વિસ્તારમાં પણ પાકા બાંધકામ થઈ રહ્યા છે. સરકારના કાયદા મુજબ કોઈપણ બાંધકામ કરનાર વ્યકિતએ જે તે ગ્રામપંચાયત, નગર પંચાયત, નગર પાલિકા અથવા મહાનગરની મુખ્ય કચેરીના જવાબદાર અધિકારી પાસેથી જરૂરી કાગળો રજૂ કર્યા પછી બાંધકામ કરવા માટે મંજૂરી લેવા પડતું હોય છે અને આ મંજૂરી માટે જરૂરી કાગળો અપૂરતા હોય ત્યારે મંજૂરી મળવા પાત્ર હોતી નથી. ગ્રામપંચાયત બે માળ સુધી બાંધકામનું પરમિશન આપી શકે ત્યારે પીપલોદ બજારમાં ત્રણ માળના બાંધકામ થઈ રહ્યા હોવા છતાંય કોઈ નોટિસ કેમ અપાતી નથી..??.

ખાનગી સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગ્રામપંચાયત વિસ્તારમાં પાકું બાંધકામ કરવા મંજૂરી મેળવવા માટે નગરનિયોજકના નકશાની જરૂરિયાત હોતી નથી. ત્યારે પીપલોદ ગ્રામપંચાયત વિસ્તારમાં વર્ષોથી કેટલાય પાકા બાંધકામ થયા જેમાં કેટલાય બાંધકામ એવા પણ હશે કે જે બાંધકામ બિનખેતીની જમીન ઉપર પણ થયા હશે. પીપલોદ બસ્ટેન્ડની સામે વર્ષોથી શોપિંગ સેન્ટર બનાવવામાં આવેલ છે અને આ શોપિંગ સેન્ટરનું બાંધકામ સમયે સરકાર દ્વારા અમુક વર્ષની લીઝ મુદતે જમીન બિનખેતી અને પછી ફરીથી નવેસર પ્રીમિયમ ભરપાઈ થયા પછી જમીન બિનખેતીમાં ગણાશે અને આ મુદત હાલમાં પુરી થઈ ગઈ છે. ત્યારે પંચાયત તંત્ર કેમ કોઈ નોટિસ આપતું નથી. શોપિંગ સેન્ટરમાં દુકાન ધારકો એ આ શોપિંગની જમીન પુનઃ બિનખેતીમાં ફેરવવા માટે ઉપરી અધિકારીઓને રજુઆત પણ કરી હોવા છતાંય કોઈ નિરાકરણ હજુ આવ્યું નથી.

પીપલોદ ગ્રામપંચાયત વિસ્તારમાં હાલ સુધીમાં બજારમાં કેટલાય કોમ્પ્લેક્સ બનાવવામાં આવ્યા. જેમાં કેટલા બિલ્ડર દ્વારા નગરનિયોજકનો નકશો બાંધકામ પરમિશન માટે રજૂ કરવામાં આવ્યો તેની તપાસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરવું જરૂરી છે. હજુપણ ઘણા બાંધકામ પીપલોદ બજારમાં ચાલુ છે, તે બાંધકામોની પણ કાયદેસરની તપાસ થવું જોઈએ કે આ બાંધકામ ખરેખર સાચું છે કે ગેરકાયદેસર થઈ રહ્યું છે.

આમ, દેવગઢબારીયા તાલુકાના પીપલોદ ગ્રામપંચાયત વિસ્તારમાં થયેલા પાકા બાંધકામોના બાંધકામ પરમિશનની તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

## ઝાલોદમાં મોબાઈલ હેક કરવાના બનાવો બનતા નગરમાં ચારેકોર ચર્ચા

ઝાલોદ,

ઝાલોદ નગરમાં છેલ્લા બે દિવસમાં મોબાઈલ હેક કરવાના બે બનાવો બનેલ છે. ઠગ ટોળકી મોબાઈલ હેક કરી વોટ્સઅપ પર નંબર બદલી જેનો મોબાઈલ હેક કરે છે, તેનો ફોટો વોટ્સઅપ ડીપી પર મૂકે છે. જે વ્યકિતના મોબાઈલ હેક કરેલા હોય તેના કોન્ટેકટ નંબર પર પૈસાની અરજંટ જરૂર છે. તેમ કહી પૈસાની માંગણી કરે છે અને સાંજે પાછા આપું તેમ વોટ્સઅપ મેસેજ થી કહે છે. તેમજ કોન્ટેકટ નંબર પર ક્યુઆર કોડ મોકલી અથવા વિવિધ રૂપિયાની લેવડદેવડ કરતી એપ્લિકેશન દ્વારા પૈસાની માંગણી કરે છે.

સહુ જાગૃત લોકોને સુચન છે કે, આવા ઠગ ટોળકી દ્વારા કરેલા મેસેજ પર ધ્યાન ન આપે તેમજ જે વ્યકિતના ફોટો વોટ્સઅપ ડીપી પર મૂકેલો હોત તેને તાત્કાલીક જાણ કરે જેથી જેનાં નામથી રૂપિયા માંગે તે ચેતી જાય અને આવા વ્યક્તિ પર સતેજ રહે તેવું તેવા સંદેશ તેનાં શુભેચ્છકોને આપી શકે. જેથી દરેક જાગૃત લોકો સતર્ક રહે તેમજ ઠગ ટોળકી દ્વારા મોકલેલ મેસેજ પર ધ્યાન ન આપી રૂપિયાની લેવડ દેવડ ન કરે જેથી ઠગ ટોળકી કામયાબ ન થાય. જાણકાર રહો, સતર્ક રહો તેમજ સમજી વિચારી વ્યવહાર કરો.

## ઈરકોન વડોદરા કીમ એકસપ્રેસ લી. દ્વારા સીએસઆર ફંડમાં દાહોદને બે એમ્બ્યુલન્સ ફળવાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ઈરકોન વડોદરા કીમ એક્સપ્રેસ વે લિમિટેડ કંપનીના સીએસઆર ફંડ માંથી ૨૦૨૨-૨૦૨૩માં દાહોદ જીલ્લાને અત્યંત આધુનિક સુવિધા ધરાવતી બે (૨) એમ્બ્યુલન્સ કંપની તરફથી ફાળવવામાં આવી છે. જેમાં એક એમ્બ્યુલન્સ એડવાન્સ લાઈફ સેવિંગ એમ્બ્યુલન્સ જે ઓકિસજન, વેન્ટિલેટર, મલ્ટીપારા મોનીટર, સિરિંઝ ઈન્ફયુઝન પંપ સહિતની સુવિધા સાથે અને બીજી બેસિક લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી આ બન્ને એમ્બ્યુલન્સ મળી કુલ કિંમત ૫૦ લાખ જેટલી છે. દાહોદ જેવા અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારમાં કંપની દવારા ફાળવવામાં આવેલ એમ્બ્યુલન્સ ખરેખર દેવદૂત સમાન બની રહેશે.

એમ્બ્યુલન્સને લીલી ઝંડી દાહોદ જીલ્લા પંચાયત પ્રમુખ શીતલકુમારી વાઘેલા તથા અન્ય જીલ્લા પંચાયત સભ્ય અને ઈરકોન કંપનીનાં ડેપ્યુટી જનરલ મેનેજર શાંતા કુમાર દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. શિલ્પા યાદવ, આર.સી.એચો. ડો. ઉદય ટીલાવત ઈરકોન કંપનીના રમા શંકર, અનિલકુમાર મીના ડેપ્યુટી જનરલ મેનેજર સિવિલ ઈરકોન કંપનીના સ્ટાફ તથા અરૂણકુમાર ચૌધરી આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર વર્કસ વેસ્ટર્ન રેલ્વે દાહોદ સહીતના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફતેપુરા તાલુકાના ધાનીખુટ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ ના બાળકોનો વિદાય સમારોહ અને વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના ધાનીખુટ ગામે સરકારી પ્રાથમિક શાળા ધાનીખૂટમાં શાળા આયોજિત ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહ અને શાળાના બાળકોથી એ રંગારંગ કાર્યક્રમ યોજી વાર્ષિકોત્સવની શાનદાર ઉજવણી કરી.

આ પ્રસંગે ગામના સરપંચ શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો,વાલી સમુદાય,ગામના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, મહિલાઓ અને આંગણવાડીની બહેનો તથા શાળાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા. શાળાના આચાર્ય કલ્પનાબેન રાજભોઈ દ્વારા શાબ્દિક સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું તથા ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી સ્મૃતિ ભેટ આપવામાં આવી. આ પ્રસંગે ધોરણ-૮માં અભ્યાસ કરીને જનાર બાળકો દ્વારા શાળાના સંસ્મરણો વાગોળી શાળા વ્યવસ્થાપન અને સ્ટાફની પ્રશંસા કરવામાં આવી.. બાળકો દ્વારા એક પાત્રિય અભિનય એક ભારત, શ્રેષ્ઠ ભારત, વ્યસનમુકિત, ભ્રુણ હત્યા, કન્યાકેળવણી, આદર્શ વિદ્યાર્થી, દેશની મહાન વીરાંગનાઓ વિષય ઉપર વિવિધ કાર્યક્રમ યોજાયો.

ઉપસ્થિત વાલી સમુદાય અને શાળા વ્યવસ્થાપન સમિતિ એ શાળા દ્વારા થતી અભ્યાસિક અને સહઅભ્યાસિકત પ્રવૃતિઓને બિરદાવી શાળાના આચાર્ય અને તમામ સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા. તમામ બાળકો માટે ભોજન વ્યવસ્થાનું સુંદર આયોજન શાળા દ્વારા થયું હતું. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડનાર શાળાના આચાર્ય અને સમગ્ર શિક્ષક સ્ટાફ ને ઉપસ્થિત મહાનુભવો દ્વારા અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના વિદ્યાર્થી તાવિયાડ ભાનુમતીબેન અને તાવિયાડ, કાર્તિકભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ સંચાલનના માર્ગદર્શક શિક્ષક સુમનભાઈ પટેલ કાર્યક્રમને સફળ બનાવવા શ્રેષ્ઠ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. ધોરણ ૮ના બાળકોને આશીર્વચન સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

## બાલાસિનોર ખાંડીવાવ પ્રા.શાળાના આચાર્યની બદલી થતાં વાલીઓમાં રોષ

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકામાં આવેલી ખાંડીવાવ પ્રા.શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા દિપીકાબેન પટેલની બદલી થતાં ગ્રામજનો દ્વારા અને સરપંચ દ્વારા તાલુકા શિક્ષણ અધિકારીને બદલી રોકવામાં આવે અને આ શાળામાં જ રાખવામાં આવે તેવો લેખિતમાં અનુરોધ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર તાલુકામાં આવેલી ખાંડીવાવ પ્રા.શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા દિપીકાબેને શાળામાં વિદ્યાર્થીઓના ભવિષ્ય બનાવવા એકસ્ટ્રા કલાસ સાથે મહેનત કરી વિદ્યાર્થીઓનુ ભણતર સુધાર્યુ હતુ. જે બાદ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી અવનીબા મોરે દ્વારા તેઓની મુખ્ય શાળામાં બદલી કરવામાં આવી હતી. શિક્ષકની ખાંડીવાવ પ્રા.શાળામાંથી બદલી થતાં વિદ્યાર્થીઓએ અને વાલીઓ રોષે ભરાયા હતા.

## ખાનપુર તાલુકાના બાકોર ગામના દલિત સમાજ દ્વારા રામનવમી નિમિત્તે દીકરીના ન્યાય માટે ભગવાન રામની પ્રાર્થના પૂજા કરવામાં આવી

લુણાવાડા,

ખાનપુર ગામની યુવતી ચંદ્રિકાબેન પરમાર તા.૧૮/૦૩/૨૦૨૩ નારોજ કારંટામાં ચાલતા ઉર્શનો મેળા જોવા ગઈ હતીફ ત્યાંથી તે ગુમ થયેલ અને ૪ દિવસ બાદ કારંટા મહીસાગર નદી માંથી તેમની લાશ રહસ્યમય રીતે મળી આવેલ જેને આજે ૧૧ દિવસ થવા છતાં પોલીસના સઘન પ્રયત્નો હોવા છતાં કોઈ ગુનેગારો હાથમાં આવતા નથી. ત્યારે બાકોર ગામના દલિત યુવા યુવતીઓ દ્વારા રામનવમીના પવિત્ર દિવસે ભગવાનશ્રી રામની પૂજા અર્ચના પ્રાથેના સાથે ગુનેગારો વહેલમાં વહેલી તકે પકડાઈ અને ચંદ્રિકાબેનને ન્યાય મળે તે માટે વિશેષ રીતે રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી.

## બાલાસિનોરના જનોડ પંચવટી મેદાન પર ગેરકાયદેસર કબ્જો

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાની ઘણી પંચાયતના હદ વિસ્તારમાં ગૌચર તેમજ સરકારી જમીન ઉપર દબાણ વધી ગયુ હોવાનુ દેખાઈ રહ્યુ છે. ત્યારે બાલાસિનોર તાલુકાના જનોડ ગ્રામ પંચાયત વિસ્તારમાં પંચવટી મેદાન આવેલુ છે. જે મેદાન જનોડ ગામના રમતવીરોને રમવા માટે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે આર્મી, કોન્સ્ટેબલ, પીએસઆઈ જેવી શારીરિક કસોટીઓની તૈયારીઓ કરવા માટે બનાવવામાં આવ્યુ છે. ત્યારે આ પંચવટી મેદાન ઉપર અમુક તત્વો દ્વારા ગેરકાયદે કબ્જો કરવામાં આવ્યો હોવાથી ગ્રામજનો રોષે ભરાયા હતા. થોડાક સમય પહેલા પણ આ દબાણકર્તા વિરુદ્ધ તંત્રએ લાલ આંખ કરી હતી. પરંતુ ફરી એક વખત આ પંચવટી મેદાન ઉપર ગેરકાયદે કબ્જો કરી લેવામાં આવ્યો છે. ત્યારે બાલાસિનોર ટીડીઓ દ્વારા વહેલી તકે તપાસ કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

# ઝાલોદમાં રામ જન્મોત્સવ નિમિત્તે શ્રીરામના જય જયકાર સાથે આખું નગર ગુંજી ઉઠયું : નગરના માર્ગો પર જંગી જન સૈલાબ ઉમટયો



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં અયોધ્યા નગરી (માંડલી ફળિયા)માં રામના જન્મોત્સવ નિમિત્તે ગીતા મંદિર ખાતે સવારે લોકો ઉમટી પડ્યા હતા. ગીતા મંદિર ખાતે રામ જન્મોત્સવ નિમિતે સુંદરકાંડ મિત્ર મંડળ દ્વારા ભજન રાખવામાં આવ્યા હતા. આ ભજન સંધ્યામાં મોટાં પ્રમાણમાં રામ ભક્તો ઉમટી પડ્યા હતાં. રામ જન્મોત્સવ ૧૨:૧૫ વાગે થતાં આખું મંદીર શ્રી રામના જયકારા સાથે ગુંજી ઉઠયું હતું. ત્યારબાદ આરતી કરી દરેક ભકતો રામ જન્મોત્સવનો પ્રસાદ લીધો હતો.

વણકતળાઈ હનુમાનજી મંદિર ખાતે નગરની મહિલા સમિતિ દ્વારા રામ જન્મોત્સવ પ્રસંગે દીવડાની સુંદર ઝાંખી બનાવવામાં આવી હતી. દીવડા થી ઓમ અને જય શ્રી રામ લખેલ હતું. શ્રી રામ અને ઓમ લખેલ દીવડા દીવડાની રોશની થી ઝગમગતા ખૂબ સુંદર અને નયનરમ્ય ઝાંખી લાગતી હતી.

રામ જન્મોત્સવ નિમિતે રામ સેના દ્વારા આખી અયોધ્યા (ઝાલોદ) નગરીને લાઈટ તેમજ ભગવા ધ્વજ થી ધર્મનગરી બનાવી દેવામાં આવી હતી. આખું હિન્દુ સમાજ ભગવા ઝંડા નીચે રામ જન્મોત્સવની ઉજવણી કરી રહ્યું હતું. અયોધ્યા નગરી થી સહુ પ્રથમ શોભાયાત્રામાં બિરાજેલ મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામની આરતી અને હનુમાન ચાલીશા કરી શોભાયાત્રાની શરૂઆત થઈ હતી. માંડલી ફળિયાથી ડી.જે. ના તાલ અને ફટાકડાના ધૂમધડાકા સાથે ભગવાન શ્રી રામની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

શોભાયાત્રા દરમિયાન નગરના દરેક માર્ગો પર રામ ભક્તો દ્વારા વિશામાં રાખવામાં આવ્યા હતા. ત્યાં સહુ ભક્તો માટે પાણી અને ઠંડા પીણાંની વ્યવસ્થા રાખવામાં આવી હતી. નગરના દરેક માર્ગો શ્રી રામના જય જયકાર સાથે ગુંજી ઉઠયા હતા.નગરના યુવા વર્ગમાં અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. જય જય શ્રી રામના નારા અને ભજનો પર ડી.જે.ના તાલે સહુ કોઈ નાચતા ઝૂમતા જોવા મળતા હતા. હાથમાં ભગવા ધ્વજ અને ભગવા વસ્ત્રોમાં સહુ હિન્દુ સમુદાયમાં સંપ ભાવના જોવા મળતી હતી. આ શોભાયાત્રામાં દરેક હિન્દુ સમુદાયના લોકો ભગવા ધ્વજના નીચે એક સમાન જોવા મળતા હતા. નગરના દરેક હિન્દુ સંગઠનો આ શોભાયાત્રામાં ભાગ લીધો હતો.

નાના નાના બાળકોમાં પણ ખૂબ રામ શોભાયાત્રા ખફયિં ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. નાના નાના બાળકો અલગ અલગ વેશભૂષામાં શોભતા હતા અને નગરમાં ફરતી શોભાયાત્રા દરમિયાન વેશભૂષામાં તેમણે અનેરૂં આકર્ષણ પર ઉભું કર્યું. સહુથી મોટું આકર્ષણ આખી શોભાયાત્રામાં યોગીની ઝાંખીનું લાગતું હતું. ભગવા વસ્ત્રો સાથે યોગીના પાત્રમાં નગરજનો માટે કુતૂહલ પેદા કર્યું હતું. યોગી સાથે ફોટોગ્રાફી કરવા લોકો પડાપડી કરતા જોવા મળતા હતા.

આખા નગરમાં રામ શોભાયાત્રા ફરી ટીટોડી આશ્રમ ખાતે પહોંચતા આખી આશ્રમ શાળાના વાતાવરણને શ્રી રામના જયકારા સાથે વાતાવરણને ગુંજી ઉઠયું હતું. ત્યાં ડીજેના તાલે આરતી કરી શોભાયાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. રામ જન્મોત્સવ નિમિતે દર વર્ષની માફક મહાપ્રસાદનું આયોજન ટીટોડી આશ્રમ ખાતે રાખવામાં આવેલ હતું. નગરના મોટા પ્રમાણમાં ભક્તોએ મહાપ્રસાદનો લ્હાવો લીધો હતો.

નગરના પોલીસ પ્રસાસન દ્વારા નગરના માર્ગો પર ખૂબ સુંદર આખી શોભાયાત્રામાં સુંદર સહકાર રહ્યો હતો. પોલીસ પ્રસાસનના સુંદર સહકાર થકી શોભાયાત્રા દરમિયાન કોઈ પણ અવ્યવસ્થા કે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

# લીમડી થી ઝાલોદ માર્ગ ઉપર બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં એકનું મોત : ત્રણને ઈજાઓ

દાહોદ,

ઝાલોદના વરોડ ટોલનાકાથી થોડે આગળ હનુમાન મંદિરની નજીક લીમડીથી ઝાલોદ જતાં હાઈવે રોડ પર ગતરોજ સાંજે બે મોટર સાયકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એકનું સ્ળ પર જ મોત નિપજ્યાનું તેમજ ત્રણને ગંભીર ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

એક મોટર સાયકલ ચાલક તેના કબજાની નંબર વગરની મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી. વરોડ ટોલ નાકાથી થોડે દુર લીમડીથી ઝાલોદ જતાં હાઈવે રોડ પર હનુમાન મંદીર નજીક સામેથી આવતી આર.જે.૦૩ એમએચ. ૭૦૨૩ નંબરની મોટર સાયકલને જોશભેર ટક્કર મારતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં રાજસ્થાન પાસીંગની મોટર સાયકલ પર સવાર ઝાલોદ તાલુકાના બંબેલા ગામના ૨૬ વર્ષીય દિનેશભાઈ દલસીંગભાઈ ભાભોરને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પરજ અરેરાટી ભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે તે મોટર સાયકલ પર સવાર સરદુભાઈ સબુરભાઈ મકવાણાનો ડાબો પગ ભાગી જતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી તથા નંબર વગરની મોટર સાયકલના ચાલક તથા તેની પાછળ બેઠેલ ઈસમને પણ શરીરે તથા હાથે પગે ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતાં જ ઝાલોદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ૧૦૮ મારફતે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી મરણ જનાર દિનેશભાઈ દલાભાઈ ભાભોરની લાશનું પંચો રૂબરૂ પંચનામુ કરી લાશને પી.એમ. માટે ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી નંબર વગરની મોટર સાયકલના ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# લુણાવાડા નગરપાલિકા દ્વારા ૧૬ લાખના ખર્ચે બનાવવામાં આવેલ ગટર લાઈનમાં દર મહિને ચાર થી પાંચ ટ્રક ગુસી જતા ભ્રષ્ટાચારની બૂમ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

૧૦-૦૩-૨૩ ના રોજ દિવ્ય ભાસ્કરમાં સમાચાર પ્રસિદ્ધ થતા CM ડેસ્કબોર્ડ અને કલેકટર દ્વારા જવાબ માંગતા નગરપાલિકાના ઓફિસર દ્વારા કોન્ટ્રાકટરનો બચાવ કરતા જણાવ્યું હતું કે, ૧૦ ટન વજનની ક્ષમતા વાળું ગટરનું ઢાંકણું પર ૫૦ થી ૬૦ ટનની માર્બલ ભરેલી વજન વાળી ટ્રક હોવાથી ઉતારી પડી છે. જેવા લુલા બચાવ કરવામાં આવ્યો હતો પરંતુ આ વખતે માત્ર ૧૦ ટન ભરેલી આઈસર આજ ગટરમાં ઘૂસી જતા નગરપાલિકા પર અનેક સવાલો ઉભા થયા છે.

CM ડેક્સબોર્ડમાં અગાઉ ૫૫ ટનની ગાડી હોવાનો અમે જવાબ કર્યો હતો. પરંતુ આજે ૧૦ ટનવાળી ગાડી ઉતરી ગઈ એ અમારે જોવું પડશે. અત્યાર સુધી કોન્ટ્રાકટરને અમે એક પણ પૈસા પેમેન્ટ નથી આપ્યું અને તમામ કામો માંથી બાકાત રાખ્યા છે અને કોન્ટ્રેકટરને બ્લેકલીસ્ટ પણ કરીશું.
**દુષ્યંત પંડ્યા, ચીફ ઓફીસર, લુણાવાડા...**

લુણાવાડા,

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત લુણાવાડા નગરપાલિકા દ્વારા લુણાવાડા મુકામે ગોધરા હાઈવે ઉપર માર્કેટિંગયાર્ડના દરવાજા થી પાનમ સ્મશાન સુધી ૧૬ લાખથી વધુ રકમ ખર્ચ કરી પાંચસો મીટર લંબાઈની સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવામાં આવી છે. ત્યારે આ ગટરનું કામ કોન્ટ્રાકટર દ્વારા એકદમ હલકી કક્ષાનું મજબૂતાઈ વગરનું કરવામાં આવ્યું છે અને આ ખરાબ કામનો ભોગ આજે એક આઈસર ટ્રક બની હતી અને ટ્રક ડ્રેનેજ પરનો સ્લેબ પરથી પસાર થતા સ્લેબ તુટી જતા ટ્રક ઊંડી ગટરમાં ઉતરી ગઈ હતી. લુણાવાડા ગોધરા હાઈવે રોડની બાજુમાં બનેલ સ્ટ્રોમ વોટર ડ્રેનેજ મજબૂતાઈ વાળી બનવવાની ખુબજ જરૂરી હતી. કારણ કે, આ ડ્રેનેજ લુણાવાડા શહેર માંથી પસાર થતા નેશનલ હાઈવે રોડની બાજુમાં બની છે. ત્યારે આ રોડ પરથી મોટી સંખ્યામાં ભારે વાહન તેમજ અન્ય વાહનો પસાર થતા હોય છે. આ હલકી ગુણવત્તા વાળી ડ્રેનેજ પરથી પસાર થતા વાહન ડ્રેનેજ પરનો સ્લેબ તૂટી જતા ઉડી ગટરમાં ઉતરી ગઈ હતી. જોકે કોઈ જાનહાનિ થઈ નહતી. પરંતુ ટ્રકમાં નુકશા થયું હતું. જોકે, કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં નગરપાલિકા મુખ્ય અધિકારી અને નગરપાલિકાના નવા નિમાયેલા વહીવટદાર દ્વારા ભ્રષ્ટાચાર આચરી હલકી કામગીરી કરનાર કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવે જેવી લોકોની માંગ વર્તતા હતી.

# મહિસાગર જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે સુકા ઘાસની અછત ઉભી થશે

લુણાવાડા,

મહિસાગર જિલ્લાના ગામડાઓમાં ખેતી અને પશુપાલન જ આવકનો મુખ્ય સ્ત્રોત છે. પશુપાલનના વ્યવસાય સાથે મોટો ખેડુતવર્ગ સંકળાયેલો છે. ત્યારે હાલમાં ઉનાળાના આગમનની સાથે જ સુકા ઘાસચારાની અછત વર્તાવાની શરૂઆત થઈ ગઈ છે. સુકા ઘાસચારાના ભાવમાં વધારો થતાં પશુપાલકો ચિંતાતુર બન્યા છે. બીજી તરફ પોષણક્ષમ દુધના ભાવો ન મળતા પશુપાલકોને ખોટ સહન કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

મહિસાગર જિલ્લામાં લોકો ખેતી અને પશુપાલન આધારિત જીવન જીવતા આવ્યા છે. જિલ્લામાં ગામેગામ અન્ય કામધંધા સાથે લોકોનો પણ પુરક વ્યવસાય પશુપાલન છે. આજે હજારો પરિવાર પશુપાલન થકી દર વર્ષની સરખામણીમાં આ વર્ષે જોઈએ એટલા પ્રમાણમાં ગ્રામ્ય વિસ્તારમાં ઘાસચારાનો પાક થયો નથી. આવા સંજોગોમાં પશુપાલકોને માગે આગામી દિવસોમાં સુકા ઘાસચારાનો પ્રશ્ન જટિલ બનશે તે નક્કી છે. શિયાળામાં જ ઘાસચારાની તંગી ઉભી થતાં સુકા ઘાસચારો ખરીદવા માટે પશુપાલકોએ રઝળપાટ કરવાનો સમય આવ્યો છે. સુકા ઘાસના વેપારીઓએ એક ઘાસડીનો રૂ.૧૫૦થી રૂ.૨૦૦ સુધીનો ભાવવધારો ઝીંકી દીધો છે. જયારે ધવારાના એક ટ્રેકટરના ગયા વર્ષે ૯ હજાર હતા. જે આ વર્ષે રૂ.૧૫ હજાર પહોંચતા પશુપાલકો નિરાશ જોવા મળ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.187

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરાના સૈયદવાડામાં નિર્માણધીન મકાનની માટી ધસી જતાં બે શ્રમિકો દબાયા : બે શ્રમિકો પૈકી ૧નું મોત



## પાલિકા ફાયર બ્રિગેડ દ્વારા શ્રમિકોને બહાર કાઢવા રેસ્કયુ હાથ ધરાયું

ગોધરા,
ગોધરા શહેરના સૈયદવાડા વિસ્તારમાં નિર્માણધીન મકાનમાં માટી ધસી જતાં બે શ્રમિકો માટીમાં દબાયા હતા. ફાયર બ્રિગેડ દ્વારા રેસ્કયુ હાથ ધરી માટી નીચે દબાયેલ બે શ્રમિકોની શોધખોળ કરતાં ૧ શ્રમિકનો મૃતદેહ મળ્યો જ્યારે એક શ્રમિકને સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના સૈયદવાડા વિસ્તારમાં નિર્માણધીન મકાનમાં પાયાની કામગીરી દરમિયાન બે શ્રમિકો ઉપર માટી ધસી પડતાં બન્ને શ્રમિકો માટી નીચે દબાઈ ગયા હતા. સૈયદવાડામાં મકાનની કામગીરી દરમિયાન માટી ધસી પડતાં બે શ્રમિકો દબાઈ જવાની ઘટનાના પગલે ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને માટી નીચે દબાયેલ શ્રમિકોને બહાર કાઢવા રેસ્કયુ હાથ ધરવામાં આવ્યું હતું. ફાયર બ્રિગેડ દ્વારા શ્રમિકોની શોધખોળ દરમિયાન મળી નહિ આવતાં રેસ્કયુ કામગીરીમાં જેસીબીની મદદ લેવામાં આવી હતી અને માટી હટાવતાં માટી માંથી એક શ્રમિકનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે એક શ્રમિકને જીવિત બચાવી લઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સૈયદવાડામાં નિર્માણધીન મકાનની માટી ધસતા શ્રમિકો દબાવાની ઘટનાની જાણ થતાં પોલીસ દોડી આવી હતી.

# ગોધરા તાલુકાના ૨૦૦ લાભાર્થીને બાયોગેસ પ્લાન્ટના લાભ પૈકી ૧૨૭ લાભાર્થીઓને ગેસ ચાલુ કરાયો



ગોધરા,
સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત ગોધરા તાલુકામાં બાયોગેસ પ્લાન માટે કુલ-૨૦૦ લાભાર્થીઓને લાભ આપવાની થાય છે. જે આણંદ ડેરી (એન.ડી.ડી.બી) દ્વારા બનાવી આપવામાં આવે છે. જેના માટે લાભાર્થીઓ પાસેથી ૫,૦૦૦/-રૂપીયા લોકફાળા તરીકે લેવામાં આવે છે. જેની સામે લાભાર્થીઓને ગેસની સગડી, લાઈટર, મોટર વગેરે આપવામાં આવે છે.

ગોધરા તાલુકામાં ૨૦૦ બાયોગેસ પ્લાન્ટના લાભાર્થીઓમાંથી ૧૨૭ લાભાર્થીઓના ઘરે ગેસ ચાલુ થઈ ગયેલ છે અને તેઓ ગેસનો ઉપયોગ કરી ખુશી અનુભવે છે. જ્યારે બાકીના ૭૩ લાભાર્થીઓને હવે શરૂ કરી આપવામાં આવશે. બાયોગેસ પ્લાન્ટ (ગોબર ગેસ) મળ્યા બાદ લોકોને આર્થિક બચત થાય છે. તેમજ પોતાના પશુધનના છાણ અને મળમૂત્રનો યોગ્ય ઉપયોગ કરી ખેતરમાં પણ છાણીયું ખાતર વાપરી શકાય છે. આમ, ગોધરા તાલુકાના એસ.બી.એમ.-જી ના સ્ટાફ દ્વારા સતત પ્રયાસો કરી લોકો સુધી આ સુવિધાઓ પહોંચાડી છે અને બીજા બાકીના લાભાર્થીઓ પણ આ યોજનાનો લાભ લે તે માટે સતત પ્રયાસ કરતા રહેશે.

# પંચમહાલ જીલ્લા કલેકટરની બદલી નવા કલેકટર તરીકે આશિષ કુમારને મુકયા



ગોધરા,
પંચમહાલ જીલ્લા કલેક્ટરની બદલી થતાં નવા કલેક્ટર તરીકે રાજકોટ મ્યુન્સીપલ ડે.કમિશ્નર તરીકે ફરજ બજાવતા આશિષ કુમારને પંચમહાલ જીલ્લા ખાતે મુકવામાં આવ્યા.

રાજ્ય સરકાર દ્વારા ૧૦૯ આઈ.એ.એસ. અધિકારીઓની બદલી કરવામાં આવી છે. જેમાં પંચમહાલ જીલ્લા કલેક્ટર સુજલ મયાત્રાની બદલી કરવામાં આવી છે અને નવા કલેક્ટર તરીકે રાજકોટ મ્યુન્સીપલ ડે.કમિશ્નર તરીકે ફરજ બજાવતા આશિષ કુમારની પંચમહાલ ગોધરા મુકવામાં આવ્યા છે. આશિષ કુમાર ગોધરા ખાતે પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવી ચુકયા છે.

# ભુસાવલ યાર્ડમાં કામગીરીથી ગોધરાથી સાત ટ્રેનો રતલામ પસાર થશે

ગોધરા,
મધ્ય રેલ્વેના ભુસાવલ જંકશન પર ટ્રેનની અવર જવરની કાર્યક્ષમતા વધારવા માટે તા.૩૦ અને ૩૧ માર્ચ દરમિયાન યાર્ડ રિમોડલિંગનુ કામ કરવામાં આવી રહ્યુ છે. યાર્ડને અવર જવર કરવા માટે યાર્ડ રિમોડેલિંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. ત્યારે કામગીરીને કારણે બ્લોકને લઈને પશ્રિમ રેલ્વે દ્વારા સંચાલિત સાત ટ્રેનો ભુસાવાલને બદલે વાયા ગોધરા, રતલામ થઈને પસાર કરવામાં આવશે. જેમાં અમદાવાદ પુરી, અમદાવાદ પ્રયાગરાજ, અમદાવાદ એમ.જી.આર.ચેન્નઈ નવજીવન એકસપ્રેસ, એમજીઆર ચેન્નઈ અમદાવાદ નવજીવન એકસપ્રેસ, સુરત છપરા તાપ્તિગંગા એકસપ્રેસ, અમદાવાદ બરૌની અને વારાણસી એકતાનગર મહામના એકસપ્રેસ જેવી ટ્રેનો ગોધરા જંકશન ખાતેથી પસાર થશે. બે દિવસ સુધી ગોધરા જંકશન સતત રેલ્વે વ્યવહારથી વ્યસ્ત રહેશે.

# SRP ગૃપ-૧૭ ગોધરા હેડકવાટર્સમાં તાલીમ લઈ રહેલ યુવાનને ફુડ પોઈઝનીંગની અસર થતાં સારવાર માટે ખસેડયો



ગોધરા,
ગોધરા એસ.આર.પી.ગ્રુપ ૧૭ નાં ગોધરા શહેરનાં પોલીસ હેડ ક્વાર્ટર ખાતે તાલીમ લઈ રહેલા ૧૯ જેટલા યુવાનોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. જેઓને સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલ તમામ યુવાનોની તબિયત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગોધરા એસ.આર.પી.ગ્રુપ ૧૭ નાં ગોધરા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે તાલીમ લઈ રહેલા યુવાનોને ફૂડ પોઈઝનિંગ ની અસર થઈ હતી. ત્યારે તાલીમ લઈ રહેલા ૧૯ જેટલા યુવાનોને ઉલટી ઉબકા અને માથું દુખાવાની ફરિયાદ કરતા તેઓને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ તમામ ની તબિયત સુધારા ઉપર છે. ત્યારે તાલીમ લઈ રહેલા યુવાનો રાત્રે રોજિંદા ક્રમ મુજબ જમ્યા બાદ મોડી રાત્રે તેઓને અસર થઈ હતી. રાત્રે યુવાનો એ કઠોળ અને રોટલી આરોગી હતી.

# વેજલપુર પેટ્રોલ પંપ સામે આઈસર ચાલકે સ્ટેરીંગ પર કાબુ ગુમાવી રોડ સાઈડના કેબીનને અડફેટમાં લીધું



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,
ગોધરા વડોદરા હાઈવે વેજલપુર પેટ્રોલ પંપ સામે આઈસરના ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા અકસ્માત સદનસીબે કોઈ જાનહાની નહિ.

ગોધરા વડોદરા હાઈવે વેજલપુર પેટ્રોલ પંપ સામે વહેલી સવારે ચાર વાગ્યાની સુમારે ગોધરા થી કાલોલ તરફ જતી આઈસર જેનો નંબર GJ-27-TD-3718 ના ચાલકે સ્ટેરિંગ ઉપરનો કાબુ ગુમાવતા રોડની સાઈડમાં ડીવાઈડર ચડીને રોડની બાજુમાં આવેલ મકાનો તથા ઘરની બહાર મુકેલ બાઈક ગેરેજનું કેબીનને અડફેટમાં લીધું હતું. સદનસીબે કોઈ જાણ હાની થઈ ન હતી. જેથી વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસ ઘટના બનતા આજુબાજુના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઘટનામાં આઈસરના ચાલકે બાઈક ગેરેજના કેબીનને અડફેટમાં લેતા લાકડાનું કેબીન સંપૂર્ણ તૂટી ગયું હતું અને કોઈ જાણહાની ન થતા લોકોએ રાહતની શ્વાસ લીધી હતી.

# હાલોલ પાલિકા દ્વારા ફુટપાથો પર થયેલા દબાણોને દુર કરવા ઝુંબેશ હાથ ધરી

હાલોલ,
હાલોલ નગર ખાતે ઠેર ઠેર દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે. હાલોલ નગરપાલિકાનુ તંત્ર દ્વારા ગોધરા રોડ પર ફુટપાટો પર થયેલા દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરી હતી. જે અંતર્ગત ફુટપાથ પર થયેલા પથારાઓ હટાવવામાં આવ્યા હતા.

હાલોલ નગરમાં ઠેર ઠેર ઉભા થયેલા દબાણોને કારણે અનેક લોકો મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. હાલોલ નગરપાલિકામાં ચુંટાયેલા પ્રતિનિધિઓની મુદ્દત પુરી થતાં જ વહીવટદારની નિમણુંક થઈ છે. ચીફ ઓફિસર તરીકે નવા અધિકારી આવતા પાલિકાનો વહીવટ સુધરી રહ્યો છે. હાલોલ નગરના ગોધરા રોડ ઉપર મોટાપ્રમાણમાં વૃક્ષો કાપીને રાહદારીઓને ચાલવા માટે બનાવવામાં આવેલી ફુટપાથ ઉપર ઠેર ઠેર વ્યાપક પ્રમાણમાં દબાણો ઉભા થઈ જતા નગરના એક સિનીયર સિટીઝન ગ્રુપે આ દબાણો હટાવી ફુટપાથ ખુલ્લો કરાવવા અરજી આપતા ચીફ ઓફિસરે ગોધરા રોડની ફુટપાથ ખુલ્લી કરાવવા ટીમને કામે લગાડી હતી. દબાણો દુર કરવામાં આવ્યા હતા. હાલોલ નગર ખાતે આ પ્રકારના દબાણો તમામ વિસ્તારોમાં જોવા મળી રહ્યા છે. નગરપાલિકાનુ તંત્ર આ તમામ ગેરકાયદે દબાણો તાત્કાલિક અસરથી હટાવે તેવી નગરજનોની માંગ ઉઠવા પામી છે. ગોધરા રોડ ઉપર સુલભશૌચાલયની આગળ છેલ્લા અનેક વર્ષોથી ફુટપાથ ઉપર કબ્જો કરી લોખંડની એંગલો લગાવી મસમોટુ દબાણ કરી દુકાનો બનાવી દેવામાં આવી હતી. જેને આજે પાલિકા દ્વારા તોડી પાડવાની કામગીરી કરવામાં આવતા નગરજનો પાલિકાના નવા અધિકારીની કામગીરીથી ખુશ થયા હતા.

# બીજી એપ્રિલના રોજ પંચમહાલ જિલ્લાના ભાજપ કાર્યકર્તાઓને સામુહિક રીતે સીપીઆર ની ટ્રેનિંગ આપવામાં આવશે

ગોધરા,
કોરોના કાળ બાદ અચાનક હાર્ટ એટેક આવવાના અને યુવા વયના લોકોનાં અચાનક મોત થઈ જવાનાં બનાવોમાં ખુબજ વધારો થયો છે. જેના કારણે ભારતીય જનતા પાર્ટી ની ડોક્ટર સેલ પાંખ દ્વારા રિસર્ચ કરવાનુ શરૂ કરાયું છે અને અચાનક બનતા કાર્ડીયક એરેસ્ટના બનાવોમાં મોતને ભેટતા લોકોને બચાવવાં માટે સીપીઆર આપવાની ટ્રેનિંગ આપવા નક્કી કરાયું છે. જેમાં પંચમહાલ જિલ્લા માં મેડિકલ કોલેજ છબનપૂર ખાતે ૧૦ ડોક્ટર ની ટીમ આવનાર ૨ બીજી એપ્રિલ નારોજ સવાર થી જ તાલુકા પ્રમાણે ભાજપ કાર્યકર્તાઓને સીપીઆર ટ્રેનિંગ આપવામાં આવનાર છે.

આગામી સીપીઆર ટ્રેનિંગ કાર્યક્રમના આયોજન માટે એક મિટિંગ ગોધરા ગદૂકપૂર કમલમ ખાતે યોજાઈ હતી. જેમાં જિલ્લાના પ્રભારી મંત્રી કુબેરભાઈ ડીંડોર, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ તમામ ધારાસભ્ય સી.કે.રાઉલજી, જયદ્રથ સિંહ પરમાર, નિમીષાબેન સુથાર, ફતેસિંહ ચૌહાણ, જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખ, મંડલ પ્રમુખ હાજર રહ્યા હતા.

# ગોધરાના ગોઠડા ગામે જોટવાડા રાજસ્થાનના ઈસમે સાધુ મહાત્મા હોવાનો ડોળ કરી ચાર ગાડી બે દિવસ માટે લઈ પરત નહિ કરતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના ટીંબા પેંટે ચરારી ભમરાના મુવાડા ગામે રહેતા ફરિયાદ સાથે આરોપીએ જમીનનો સોદો કરી એડવાન્સમાં ૧ કરોડ ૭૫ લાખનો પીડીસી બેંકના ચેક આપી વિશ્વાસમાં લઈ સાધુ મહાત્માનો કોલ ફરીયાદીની ફન્ટી થાર ગાડી કિંમત ૯,૦૦,૦૦૦/-રૂપીયા વાપરવાના બહાને લઈ જઈ પરત નહિ કરી છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ટીંબા પેંટે ચરારી ભમરાના મુવાડા ગામે રહેતા રયજીભાઈ લક્ષ્મણભાઈ પરમાર સાથે આરોપી પ્રદિપસિંહ પોપટજી જાડેજા (રહે. જોટવાડા તા.તાજપુર, રાજસ્થાન) એ રયજીભાઈની જમીનનો મૌખિક રીતે જમીનનો સોદો કરી અને એડવાન્સમાં ૧ કરોડ ૭૫ લાખ રૂપીયાના પીડીસી બેંકના ચેક આપી પૈસાદાર સાધુ મહાત્મા હોવાના દંભ કરી રયજીભાઈને વિશ્વાસમાં લઈ મહિન્દ્રા કંપનીની થાર ગાડી નંબર જીજે.૧૮.બીએન.૮૦૫૫ કિંમત ૯,૦૦૦,૦૦૦/-રૂપીયા બે દિવસ વાપરવાના બહારે લઈ જઈ ગાડી પરત નહિ આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવ પામી છે.

# ગોધરા ભુરાવાવ સંસ્કાર નગરીમાં બંધ મકાન માંથી ૧.૯૮ લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરતાં તસ્કરો

ગોધરા,
ગોધરા ભુરાવાવ સંસ્કાર નગરીમાં આવેલ બંધ મકાનને ચોર ઈસમોએ નિશાન બનાવી મુખ્ય દરવાજાનું તાળું તોડી બેઠક રૂમમાં રાખેલ તિજોરી માંથી કિંમત ૧,૯૮,૮૦૦/-રૂપીયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ભુરાવાવ સંસ્કાર નગરીમાં ઘર નં.૧૭ માં રહેતા દેવેન્દ્રકુમાર સરદારસિંહ બારીયાના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. અને મુખ્ય દરવાજાનું તાળું તોડી લાકડાના દરવાજાનું તાળું તોડી બેઠક રૂમમાં રાખેલ તિજોરી માંથી સોના-ચાંદીના દાગીના કિંમત ૧,૯૮,૮૦૦/-રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પંચમહાલ જિલ્લાના પ્રભારી મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ



ગોધરા,
પંચમહાલ જિલ્લાના પ્રભારીમંત્રી અને આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષસ્થાને ગોધરા કલેકટર કચેરી ખાતે જિલ્લા આયોજન મંડળની બેઠક પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાઇ હતી.

આ બેઠકમાં ૧૫% વિવેકાધીન અને ૫% પ્રોત્સાહક જોગવાઈ (તાલુકાકક્ષા અને નગરપાલિકા કક્ષા)ના તાલુકાવાર અને નગર પાલિકાવાર રજૂ થયેલ આયોજન વંચાણે લઈ રજૂ કરેલ કુલ ૧૦ કરોડ ૭૫ લાખ ૨૫ હજારના ૬૬૩ વિકાસકામોને સરકારની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી મંજૂર કરવામાં આવ્યા હતા.

સદર બેઠકમાં સંસદસભ્ય અને ધારાસભ્યની ગ્રાન્ટના કામોની પણ સમીક્ષા તેમજ કામોને સમયાંતરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ હતી. પ્રભારીમંત્રીએ અધિકારીઓને વિકાસલક્ષી કામો સમયસર શરૂ કરી દેવા અને અગાઉના વર્ષના બાકી કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે પણ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ક્રમવાઈઝ કામોને અગ્રતા આપવા અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે આરોગ્યને લગતા વિકાસના કાર્યોને ત્વરિત પૂર્ણ કરવા જણાવ્યું હતું. ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે નવીન સિટી સ્કેન મશીનની માંગણી, નવીન હેડ પંપ, હેડ પંપ રિપેર, બોરવેલ, સીસી રોડ, બ્લોક, પંચાયત, શિક્ષણ અને એટીવીટીના કાર્યો પૂર્ણ કરી જીઓ ટેગ કરવા સૂચના આપી હતી. તેમણે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પંચમહાલ જિલ્લામાં શ્રેષ્ઠ કામગીરી થઇ રહી છે તથા જિલ્લામાં તાજેતરમાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયેલ પરીક્ષાઓ બાબતે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા. બેઠકમાં મંત્રીના હસ્તે જિલ્લા આયોજન કચેરી દ્વારા તૈયાર કરાયેલ પંચમહાલ જિલ્લાના ડિસ્ટ્રિક્ટ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ૨.૦ બુકનું અનાવરણ કરાયું હતું.

આ પ્રસંગે જિલ્લા આયોજન અધિકારી આર.આર. ભાભોર દ્વારા વિવિધ વિકાસના કાર્યોની માહિતી અને આભારવિધિ રજૂ કરાઈ હતી. મંત્રીના અધ્યક્ષસ્થાને સભાખંડમાં યોજાયેલ જિલ્લા આયોજન મંડળની બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા સાંસદ રતનસિંહ રાઠોડ, ધારાસભ્ય સર્વ સી.કે.રાઉલજી, નિમિષાબેન સુથાર, જયદ્રહજીસિંહ પરમાર, ફતેહસિંહ ચૌહાણ, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયા, પ્રાયોજના વહીવટદાર ડી.આર.પટેલ, જિલ્લા આયોજન અધિકારી ભાભોર, પ્રાંત અધિકારીઓ, જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખ, સભ્યઓ અને વિવિધ વિભાગોના અધિકારીઓ/પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ (ગુજરાત સરકાર)**
**જાહેર નિવિદા નં.“૦૯” સને ૨૦૨૨-૨૩ (ઈ-ટેન્ડરીંગ) (ટૂંકી મુદ્દતની નિવિદા)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, લુણાવાડા, તા.લુણાવાડા જી.મહીસાગર પિન.૩૮૯૨૩૦ (ફોન. નં.૦૨૬૭૪-૨૫૧૬૨૩)ની કચેરીએથી ગ્રામ્ય તળાવના વેસ્ટ વિયર રિપેરિંગના કામોની સંખ્યા-૧, રકમ રૂમ.૧૫.૬૩ લાખમાં ફોર્મ બી-૧ પધ્ધતીથી જાહેર બાંધકામ વિભાગ હેઠળ માન્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા સદર કામનો અનુભવ ધરાવતા સક્ષમ કક્ષાના અને તેની ઉપરની કક્ષાના ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરવેબસાઈટ પરથી ઓનલાઈન ડાઉનલોડીંગ કરવાની તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૧૧.૦૦ કલાકથી ટેન્ડર ઓનલાઈન સબિમશન કરવાની છેલ્લી તા.૦૬/૦૪/૨૦૨૩ ના ૧૮.૦૦ કલાક સુધી અને ટેન્ડરમા જણાવેલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાની છેલ્લી તા.૧૦/૦૪/૨૦૨૩ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર ખોલવાની તા.૧૧/૦૪/૨૦૨૩ના ૧૨.૩૦ કલાક, સદર ટેન્ડર કોઈ કારણ દર્શાવ્યા સિવાય રદ્દ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. ઉક્ત કામોની અન્ય વિગતો ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://nwr.nprocure.com Or www.statetenders.com પર જોઈ શકાશે.
માહિતી/ગોધરા/૧૦૬૮/૨૦૨૩

# ગોધરા શહેરમાં શ્રી સ્વામિનારાયણ જયંતિ નિમિત્તે કાછીયા પટેલ સમાજ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું

ગોધરા,
સમગ્ર દેશમાં ચૈત્ર સુદ નોમ એટલે રામનવમીની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે રામનવમીના દિવસ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પણ જન્મોત્સવ મનાવવામાં આવે છે. ત્યારે ગોધરા શહેરમાં આજે કાછીયા પટેલ સમાજ દ્વારા શ્રી સ્વામિનારાયણ જયંતિની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ગોધરા શહેરમાં સ્વામિનારાયણ ભગવાનના ૨૪૨ મા જન્મોત્સવ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે શોભાયાત્રા શ્રી સહજાનંદ સોસાયટી ખાતે આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતેથી નીકળી હતી. જે શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થતા આકર્ષણનું કેન્દ્ર બની હતી. જેમાં મોટી સંખ્યામાં કાછીયા પટેલ સમાજના લોકો જોડાયા હતાં.

# ગોધરા શહેરના પૌરાણિક એવા શ્રી મહાકાળી માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રિના સમાપન નિમિત્તે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું

ગોધરા,
ગોધરા શહેરના પોલીસ ગઢી ખાતે પૌરાણિક એવું શ્રી મહાકાળી માતાજીનું મંદિર આવેલું છે. જ્યાં નવરાત્રી દરમ્યાન મોટી સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આજે ચૈત્રી નવરાત્રિનું સમાપન થયું છે. ચૈત્રી નવરાત્રિનાં સમાપનને લઈને શ્રી મહાકાળી માતાજીના મંદિર ખાતે મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજીત મહાપ્રસાદીનો લહાવો લેવા મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડ્યા હતા.

# રામનવમીની શોભાયાત્રા દરમિયાન થયેલા પથ્થરમારામાં ૨૩ લોકો સામે નોંધાયો ગુનો

વડોદરા,
વડોદરામાં રામનવમીની શોભાયાત્રા દરમિયાન થયેલી પથ્થરમારાની ઘટના સંદર્ભે ૨૩ લોકો સામે સિટી પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમા ૨૦ આરોપીઓ સામે નામજોગ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદી બની પથ્થરમારો અને તોડફોડ કરનારા ટોળા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. વડોદરામાં રામનવમીની શોભાયાત્રામાં ઘર્ષણ બાદ મામલો થાળે પડી ગયો છે.ફતેપુરા ગરનાળા પોલીસ ચોકી પાસે રામજીના યાત્રા દરમિયાન ઘર્ષણ થયું હતું.રામનવમી નિમત્તે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે શોભાયાત્રાનું આયોજન કર્યુ હતું.વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રા ફતેપુરા પાંજરીગર મહોલ્લા પાસે પહોંચી ત્યારે બોલાચાલી થઈ હતી. વડોદરામાં રામનવમીની શોભાયાત્રામાં ઘર્ષણ બાદ મામલો થાળે પડી ગયો છે. ફતેપુરા ગરનાળા પોલીસ ચોકી પાસે રામજીના યાત્રા દરમિયાન ઘર્ષણ થયું હતું.રામનવમી નિમત્તે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળે શોભાયાત્રાનું આયોજન કર્યુ હતું.વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રા ફતેપુરા પાંજરીગર મહોલ્લા પાસે પહોંચી ત્યારે બોલાચાલી થઈ હતી. જો કે, તુરંત જ પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો, અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.એક તરફ રમઝાન ચાલી રહ્યા છે. બીજી તરફ રામનવમીની શોભાયાત્રા થવાની ત્યારે પુરતો બંદોબસ્ત પણ ગોઠવાયો હતો.જેથી ઘર્ષણ વખતે જ પોલીસે મોરચો સંભાળી લીધો. ગણતરીની મિનિટોમાં જ તોફાની ટોળાઓને વિખેરી દેવાયા હતા.પોલીસે પણ લોકોને અફવાથી ગેરમાર્ગે ન દોરવા અપીલ કરી છે. વડોદરામાં રામનવમીની શોભાયાત્રામાં ફરી વાર પથ્થરમારો થયો છે. જેમાં પોલીસે મોરચો સંભાળ્યો છે. તેમજ તોફાની તત્ત્વોને ભગાડયા છે.વડોદરામાં રામ નવમીની વધુ એક શોભાયાત્રા પર પથ્થરમારો થયો છે. જેમાં ફતેપુરાના કુંભારવાડા વિસ્તારમાંથી નીકળતી શોભાયાત્રા પર હુમલો કરવામાં આવ્યો છે. તેમજ પોલીસના કાફલાએ ટોળાને વિખેરવા લાઠીચાર્જ કર્યો હતો.

જો કે ઘટનાને પગલે તોફાની તત્વો સામે ગૃહવિભાગે લાલ આંખ કરી છે. જેમાં ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ વડોદરા પોલીસ કમિશ્નર સાથે વાત કરી છે. તેમજ સ્થિતી પર કડક હાથે કાબુ લેવા સુચના આપવામાં આવી છે. પથ્થરમારો કરનારાઓ સામે કડક પગલા ભરવા આદેશ કર્યો છે. વડોદરામાં રામનવમીની શોભાયાત્રા પર થયેલા પથ્થરમારા બાદ શહેરમાં વધુ પોલીસ કાફલો ભરૂચ અને ખેડાથી પોલીસ બોલાવાયો છે. વડોદરામાં રામનવમીની શોભાયાત્રામાં થયેલા પથ્થરમારા બાદ બીજા દિવસે શાંતિ જણાઈ છે. બજારોમાં દુકાનો પણ રાબેતા મુજબ ખુલી છે.